# વાતાવરણ પલ્ટામાં જ મોલોમસીનો ઉપદ્રવ !! : ખેડૂતો ચિંતાતુર

## વાહનચાલકો પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૫

છેલ્લા ત્રણ દિવસથી બદલાયેલા વાતાવરણને પગલે મોલોમસીનો ઉપદ્રવ થવા પામ્યો છે. મોલોમસીના ઉપદ્રવને કારણે વાહન-ચાલકોને તો તકલીફ પડી રહી છે પરંતુ રાઈ અને શાકભાજીના પાકને પણ નુકશાન થવાનો ભય ઉભો થયો છે.

મોલોમસીના ઉપદ્રવને કારણે રાઈના પાકમાં ભુકી ચારા રોગ લાગુ પડી શકે છે. જે પાકને નુકશાન કરવા ઉપરાંત ઉત્પાદન પર વિપરીત અસરો થતી હોય છે. શાકભાજીના પાકોમાં પણ મોલોમસીના ઉપદ્રવની અસર જોવા મળે છે.

મોલોમસીના ઉપદ્રવને કારણે દ્વિચક્રી વાહન-ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મસી આંખ આગળ આવી ચોંટી જાય છે અને વાહનચાલકને ખંજવાળ આવવાની શરૂ થાય છે.

મોલોમસીના ઉપદ્રવની અસર આજે મહાત્મા મંદિર ખાતે યોજાયેલ ગરવી ગુર્જરીના બાયર-સેલર મીટમાં આવેલા મુલાકાતીઓને પણ પડી હતી અને તેથી મુલાકાતીઓ સતત તેમની આંખો ચોળતા નજરે પડ્યા હતા.

ભેજવાળુ વાતાવરણ તેમજ વાદળ છાયા વાતાવરણને લઈ આ મોલોમસીનો ઉપદ્રવ થતો હોય છે. છેલ્લા ત્રણ દિવસથી જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યું છે. તેમજ ઠંડીનું પ્રમાણ પણ ઘટવા પામ્યુ છે જે મોલોમસીના ઉપદ્રવ માટે સાનુકૂળ ગણવામાં આવે છે.




ધુમ્મસ - શહેરમાં શિયાળાની ઠંડીમાં રાહત તો મળી છે પરંતુ વાતાવરણમાં ફેરફારને પગલે હવે 'ધુમ્મસ' છવાઈ જવા લાગ્યું છે. આજે સવારે શહેરમાં માર્ગો પર છવાયેલ ધુમ્મસ એટલું ઘેરું હતું કે તેના લીધે વાહનચાલકોની દશ્ય ક્ષમતા તદ્દન ઘટી જવા પામી હતી અને જેના કારણે અકસ્માત સર્જાવાની શકયતાઓ પણ સર્જાઈ હતી.

# ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ૧૫ ઈલેક્ટ્રીક બસો દોડાવાશે

## શહેરી બસ સેવા માટે ૨૫ નવી બસોનું લોકાર્પણ કરાયું : બસની કાળજી રાખવી એ નાગરિક ધર્મ છે : આર.સી. ફળદુ

ગાંધીનગર, તા. ૫

અમદાવાદ-ગાંધીનગર શહેરને સાંકળતી 'વિકાસ રૂટ' સેવા માટે ઈનહાઉસ તૈયાર કરાયેલ ૨૫ નવીન બસોની ફાળવણી કરવામાં આવી છે. આજરોજ ગાંધીનગર એસ.ટી.ડેપો ખાતેથી કૃષિ અને વાહન વ્યવહાર મંત્રી આર.સી. ફળદુ અને વાહન વ્યવહારના રાજય મંત્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે આ બસોનું લોકાર્પણ કરાવવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ૧૫ ઈલેટ્રૂક બસો પણ દોડાવાશે.

બસના માલિક રાજયના નાગરિકો જ છે, બસની કાળજી રાખવીએ નાગરિક ધર્મ છે, તેવું જણાવી કૃષિ અને વાહન વ્યવહાર મંત્રી આર.સી. ફળદુએ જણાવ્યું હતું કે, એસ.ટી. નિગમ દ્વારા રાજય સરકારશ્રીની ગ્રાન્ટથી દર વર્ષે જુના થતાં વાહનો રદ બાતલ કરી તેના સ્થાને નવા લેટેસ્ટ એમીશન નોર્મસવાળા વાહનો એક્ષપ્રેસ અને સેમી લકઝરી તેમજ ૫૦૦ મીની બસ મળી કુલ ૨૧૧૯ વાહનો સંચાલનમાં કામગીરીમાં ૪૪ જેટલા ફેરફારો કરી બસને અધતન બનાવવામાં આવી છે. શોર્ટ સર્કીટ જેવા બનાવો




પ્રજાની સેવા માટે મુકવામાં આવી રહ્યાં છે. ચાલું વર્ષે ૧૬૧૯ સુપર મુકવાનું હાથ ધરવામાં આવ્યું છે. બસ બોડી બીલ્ડીંગની નિવારવા વિશેષ કાળજી રાખવામાં

● અનુસંધાન પાન-૭ પર

# છેલ્લે.. છેલ્લે..

● પાટીદાર આંદોલનના નેતા હાર્દિક પટેલ લોકસભાની ચૂંટણીમાં ઝુકાવશે : પ્રાપ્ત માહિતી અનુસાર અમરેલી લોકસભા બેઠક પરથી ચૂંટણી લડશે.

● અમદાવાદમાં મોલ-મલ્ટીપ્લેક્સના ફ્રી પાર્કિંગના કેસમાં ગુજરાત હાઈકોર્ટે ચૂકાદો અનામત રાખ્યો.

● રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દરેક વિભાગોને પડતર કામોની વિગતો આપવા તાકિદ કરી છે.

● અમદાવાદ સ્થિત કૌશલ ટ્રેડલીંક ગ્રુપની વ્યવસાયિક ઓફિસો પર આવકવેરાના દરોડા પડ્યા છે : કહેવાય છે કે ગુજરાત ભાજપના મોટા માથા સાથે સંકળાયેલ ગ્રુપ છે.

● એસપીજી લીડર લાલજી પટેલે પાટીદાર સમાજના વણ ઉકેલ્યા પ્રશ્નો ઉકેલવા મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે.

● મુખ્યમંત્રી વિજય રૂપાણીએ બજેટને આખરી ઓપ આપવા તેઓના નિવાસસ્થાને બેઠક યોજી હતી.

● આગામી ૧૪મી ફેબ્રુઆરીએ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ દક્ષિણ ગુજરાતના પ્રવાસે આવશે. અગાઉ તેઓ ઉત્તર ગુજરાત આવવાના હતા પરંતુ છેલ્લી ઘડીએ દક્ષિણ ગુજરાતનો પ્રવાસ ગોઠવાયો છે.

● પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૮મીએ જામનગર નજીક આકાર પામી રહેલ દરિયાના પાણીને મીઠુ બનાવવાની ક્ષમતા ધરાવતા ડીસેલીનેશન પ્લાન્ટનું ખાત મુહૂર્ત કરશે.

● ગુજરાત કોંગ્રેસે લોકસભાની ચૂંટણી માટે ૨૮ સભ્યોની ચૂંટણી સમિતી અને ૪૩ સભ્યોની ચૂંટણી પ્રચાર સમિતિની રચના કરી છે. જેમાં જગદીશ ઠાકોર, અલ્પેશ ઠાકોર અને સિદ્ધાર્થ પટેલને જુદી જુદી કમિટીઓમાં જવાબદારી સોંપાઈ છે.

# ગુડા દ્વારા બે નવી ટીપી સ્કીમ મુકવામાં આવતા વિકાસને વેગ મળશે

## પાલજ , બાસણ , લવારપુર, શાહપુરના ટી પી-૨૫ અને વાસણા હડમતીયા, ઉવારસદ, વાવોલમાં ટીપી-૨૬ મુકવા નકશા તૈયાર થઇ રહ્યા છે

ગાંધીનગર તા ૫

ગાંધીનગર શહેર ફરતે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ગુડા દ્વારા અત્યાર સુધી ૨૪ જેટલી ટી પી સ્કીમ મુકવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં વધુ બે નવી સ્કીમ મુકાશે. જેમાં પાલજ બાસણ લવારપુર, શાહપુરના ૩૦૦ હેકટરમાં ટી પી સ્કીમ નં -૨૫ અને વાસણા હળમતિયા ઉવારસદ અને વાવોલના ૯૮ હેકટરમાં ટી પી સ્કીમ નં -૨૬ મુકાશે આ માટે ગુડાએ નકશા પણ તૈયાર કરવાનુ શરૂ કરી દીધુ છે. જયારે તાજેતરમાં મળેલી બોર્ડ બેઠકમાં આ અંગે નિર્ણય પણ લેવાયો હતો. જયારે હવે આ દરખાસ્તને સરકારમાં પણ મોકલી દેવાશે જયારે બીજીતરફ જે ટી પી સ્કીમ મંજુર થયેલી છે. તેમાં ખેડુતો અને રીઝર્વ પ્લોટમાં ગુડા પોતાના ખર્ચે તારફેન્સીંગ કરી આપશે.

ગાંધીનગર નજીક ન્યુ ગાંધીનગરઅસ્તિત્વમાં આવી રહ્યુ છે. ગુડા હસ્તકના ૩૯ ગામોમાં વિવિધ ટી પી સ્કીમો અમલી થવાના લીધે શહેરીકરણ વધ્યુ છે. જેનેઅનુલક્ષી રોડ રસ્તા , સ્ટ્રીટ લાઈટ અને પાણી ગટરની સુવિધાઓ ઉભી કરવામાં એઆવી રહી છે. જેના લીધે આ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ખેડુતોની જમીનના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. આવા સંજોગોમાં ગુડાની બોર્ડ બેઠક દરમિયન નવી

● અનુસંધાન પાન-૭ પર

# આરોગ્યના કર્મયોગીઓ આજે રકતદાન કરશે

ગાંધીનગર, તા.૫

આરોગ્ય કર્મચારી મહાસંઘના આદેશ મુજબ ફાર્માસીસ્ટ, લેબ. ટેક, મલ્ટી પરપઝ હેલ્થવર્કર, ફિમેલ-મેઈલ હેલ્થવર્કર, સુપરવાઈઝર સહિતના વિવિધ સંવર્ગના કર્મચારીઓ માસ સી.એલ.ની સાથે રકતદાન કરી અનોખી લડત કરશે.

આમ તો કર્મચારી મહાસંઘે કાળી પટ્ટી ધારણ કરવાના આદેશ પછી માસ સી.એલ. એક દિવસની પર જવાનો આદેશ આવ્યો હતો. આમ છતાં પણ પ્રશ્નોના ઉકેલ માટે તંત્ર તરફથી કોઈ સાનુકૂળ પ્રતિસાદ ના મળે તો અચોકકસ મુદતની હડતાલ પર જવાનો નિર્ણય લેશે.

આજે માસ સી.એલ.ની સાથે આ કર્મચારીઓ રકતદાન કરશે. જિલ્લામાં ૩૫૦થી પણ વધુ કર્મચારીઓએ માસ સી.એલ. મુકી દીધી છે અને સવારથી જ ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે રકતદાન કેમ્પનું આયોજન કર્યું છે.

આ રકતદાનમાં એકત્ર થયેલ રકત સગર્ભા માતા અને અન્ય જીવલેણ બિમારીના દર્દીઓ માટે વાપરવામાં આવશે.

જો કે સરકાર દ્વારા હજુ સુધી કોઈ જ પ્રતિસાદ આપવામાં આવ્યો નથી તેમ જાણવા મળેલ છે.

# આરોગ્ય કમિશનર આજે વીડીયો કોન્ફરન્સ કરશે

ગાંધીનગર, તા. ૫

રાજયના આરોગ્ય કમિશનર જયંતિ રવિ અને તંત્રના ઉચ્ચ અધિકારીઓ રોગચાળાની સ્થિતિને લઈ આજે એક ખાસ વિડીયો કોન્ફરન્સ કરનાર છે. આ વિડીયો કોન્ફરન્સમાં આરોગ્યની વિવિધ યોજનાઓની પણ સમીક્ષા કરનાર છે.

જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં આરોગ્યતંત્રની કામગીરીને લઈ સમીક્ષા કરવામાં આવી રહી છે.

દરમ્યાન રાજયના અધિક નિયામક ડૉ. પરેશ દવેએ પણ દરેક જિલ્લા હોસ્પિટલ અને જિલ્લાતંત્રને સ્વાઈન ફ્લુના કેસોને લઈ ખાસ ઓ.પી.ડી. શરૂ કરવા માટેના આદેશો પણ જારી કર્યા છે.

રાજયમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે તેને રાજય સરકારે ગંભીરતાથી લીધો છે અને આજે વી.સી.નું આયોજન કરાયુ છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં છેલ્લા બે દિવસથી સ્વાઈન ફલુએ હાહાકાર મચાવતા આરોગ્ય તંત્ર સતર્ક કરાયું છે. ઠંડીની વિદાય બાદ પણ સ્વાઈન ફ્લુના કેસ વધી રહ્યા છે તેની ચિંતા પણ તંત્રને સતાવે છે...

# ચિલોડા સરખેજ હાઈવે પર હરિયાળા વૃક્ષોના છેદન સામે આંદોલનના મંડાણ

## નગરના પ્રકૃતિ પ્રેમીઓએ આક્રોશ વ્યકત કરી જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપ્યુ

ગાંધીનગર તા ૫

ચિલોડા સરખેજ હાઈવે પર માર્ગના કામને અનુલક્ષી હાલ હરિયાળા વૃક્ષોનો સોથ વાળવામાં આવી રહ્યો છે. આ રૂટમાં મોટી



સંખ્યમાં વૃક્ષોની કટોતી થતા પર્યાવરણ પ્રેમીઓમાં ઘોર નારાજગી વ્યાપી છે. આ મામલે આજે પર્યાવરણ પ્રેમીઓએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી વૃક્ષોની કટોતી તાત્કાલિક અટકાવી દેવા માટે આવેદન પત્ર આપી રજુઆત કરી હતી . જયારે વૃક્ષો કાપવાની આ હરકત સામે કોઇ પગલા નહીં લેવાય તો પર્યાવરણ પ્રેમીઓ આંદોલનની રાહ અપનાવી લડત આપશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ચિલોડા સરખેજ હાઈવેને અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન રૂટમાં આવતા ક્રોસ રસ્તાઓને અનુલક્ષી વિવિધ સાત ઠેકાણે ફ્લાય ઓવર બાંધવા માટે પણ આયોજન કરાયુ છે . જયારે આ પ્રોજેકટને અનુલક્ષીને હાલ રૂટમાં નડતર રૂપ થતા વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી રહી છે. ચિલોડ પાસે પણ સેંકડો હરિયાળા વૃક્ષોની કટોતી કરી દેવામાં આવી છે. જયારે વિકાસના નામે હરિયાળીનુ નિકંદન વળતા પ્રકૃતિ પ્રેમીઓ આગ બબુલા બન્યા છે. આજે પણ પ્રકૃતિ પ્રેમીઓએ નગરની વિવિધ સંસ્થાઓ સાથે મળી વૃક્ષછેદનની આ પ્રવૃતિને અટકાવવાની પ્રબળ માંગ સાથે જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપ્યુ હતુ. જેમાં નગરના અગ્રણી અરૂણ બુચ , જયોતિ મહીલા મંડળના પ્રમુખ ડો ચેતના બુચ , નિલેશ ગૌર સહીત નગરના પ્રકૃતિ પ્રેમીઓએ મોટી સંખ્યામાં એકત્રિત થઈ વૃક્ષોની કટોતીના મામલે ઉગ્ર આક્રોશ વ્યકત કર્યો હતો. જયારે વૃક્ષોને અન્ય રીટ્રાન્સપ્લાન્ટ કરવાના મામલે પણ ઉદાસીનતા સેવવામાં આવી રહી હોવાનો આક્રોશ પણ તેમણે વ્યકત કર્યો હતો. હરિયાળા વૃક્ષોની કટોતી અટકાવવામાં નહીં આવે તો આગામી દિવસોમાં પ્રકૃતિ પ્રેમીઓ ઉગ્ર આંદોલનના માધ્યમથી પર્યાવરણ બચાવો પ્રકૃતિનુ જતન કરોના સુત્ર સાથે આક્રમક લડત આપશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

# ઈ-ટેન્ડર જાહેર નિવિદા

વર્ષ - ૨૦૧૮-૧૯

## ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

## ટેન્ડર ડોક્યુમેન્ટ નં. - ૫૫

ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તક આવેલ ધી અર્બન હેલ્થ સોસાયટી ખાતેની રાષ્ટ્રીય આરોગ્ય મિશનની કેચરીમાં માસિક ધોરણે વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી તા. ૧૫/૩/૨૦૧૯ થી ૧૪/૩/૨૦૨૦ના સમય માટે ઠરાવેલ ટેન્ડર સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામની વિગત | ધી અર્બન હેલ્થ સોસાયટી ખાતે આઉટ સોર્સીંગથી વાહનોની સુવિધા પુરુ પાડવાનું કામ (હાલ જરૂરિયાત વાહનોની સંખ્યા ૯ (મારૂતી ઈકો, ટાટા ઈન્ડીકા, ઈન્ડીકા વીસ્ટા, હ્યુન્ડાઈ, ડીઝલ (એ.સી. અને નોન એ.સી.) |
| અંદાજીત રકમ લાખમાં | ૨૧ લાખ રૂ. લગભગ |
| ઈ.એમ.ડી.ની રકમ રૂ. | ૬૩,૦૦૦/- (૩ ટકા) |
| ટેન્ડર ફી રકમ રૂ. | ૯૦૦/- |
| ટેન્ડર ડાઉનલોડ કરવાનો સમય અને તારીખ | તા. ૫/૨/૨૦૧૯ થી તા. ૨૫/૨/૨૦૧૯ના રોજ સાંજના ૬-૦૦ કલાક સુધી |
| પ્રિ-બીડ મીટીંગ | તા. ૧૧/૨/૨૦૧૯ સમય ૪-૦૦ કલાકે |
| ડોક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ | ટેન્ડર ફી, ઈ.એમ.ડી.ની રકમના ડી.ડી. તથા જરૂરી ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રીક ફોરમેટમાં સ્કેન કરી ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૨/૩/૨૦૧૯, સમય ૩-૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે. |
| ટેકનીકલ ટેન્ડર ખોલવાનો સમય, સ્થળ અને તારીખ | ટેન્ડર ફી, ઈએમડી ફીના ડીમાન્ડ ડ્રાફ્ટ મલ્યા હશે તેમના જ ટેકનીકલ બીડની ઓફરો તા. ૫/૩/૨૦૧૯, ૧૬-૦૦ કલાકે અત્રેની કચેરી ખાતે ખોલવામાં આવશે. જેમાં ઈજારદાર ઉપસ્થિત રહી શકશે. |
| ઓનલાઈન ભાવ ખોલવાનો સમય, સ્થળ અને તારીખ | તા. ૬/૩/૨૦૧૯, ૧૨-૦૦ કલાકે અત્રેની કચેરી ખાતે |
| બીડ વેલીડીટી | ૩૬૫ દિવસ |
| ટેન્ડર ડોક્યુમેન્ટની વિગત આ વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી ભરી શકાશે. | www.nprocure.com ઉપરાંત ગાંધીનગર મહાનગર પાલિકાની વેબસાઈટ www.gmc-egovern.org.in ઉપરથી જોઈ શકાશે. |

સ્થળ : ગાંધીનગર
તા. ૪/૨/૨૦૧૯

સહી/-
મેમ્બર સેક્રેટરી (યુ.એચ.એસ.) અને
મેડીકલ ઓફિસરશ્રી (આરોગ્ય)
ગાંધીનગર



## બેસણું

અમારા પિતાશ્રી **ચંદ્રકાન્ત નારણભાઈ મારૂ** તા. ૪-૦૨-૨૦૧૯ને સોમવારના રોજ દેવલોક પામ્યા છે. દિવંગતનું બેસણું તા.૬-૦૨-૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે નરોડા ખાતેના નિવાસસ્થાને રાખેલ છે.

ફ્લેટ નં.૩૬, એ/1 બ્લોક, તક્ષશીલા રેસીડેન્સી, નરોડા-દહેગામ રોડ, નરોડા, અમદાવાદ.

લિ.
યોગેશ ચંદ્રકાન્ત મારૂ
હિતેશ ચંદ્રકાન્ત મારૂ
દર્શન ચંદ્રકાન્ત મારૂ
હાર્દિક ચંદ્રકાન્ત મારૂ
પાર્થ મનુભાઈ મારૂ
તથા સમસ્ત મારૂ પરિવાર



## બેસણું

અમારા પિતાશ્રી
**હિંમતસિંહ સરદારસિંહ બિહોલા**

નું તા.૦૨-૦૨-૨૦૧૯ ને શનિવારના રોજ અકાળે અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા.૦૮-૦૨-૨૦૧૯ ને શુક્રવાર ને સવારે ૧૦.૦૦ થી ૨.૦૦ દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં.૭૫૨/૧ સે-૨૯, ગાંધીનગર (સરકારી દવાખાના પાસે)
મો.૯૮૨૪૩ ૬૭૮૯૦

લિ. ગં.સ્વ.ભમરબા હિંમતસિંહ બિહોલા (પત્ની)
ભીખુસિંહ હિંમતસિંહ બિહોલા (પુત્ર)
નરેન્દ્રસિંહ હિંમતસિંહ બિહોલા (પુત્ર)
સ્વ.બલભદ્રસિંહ હિંમતસિંહ બિહોલા (પુત્ર)
ગણપતસિંહ પ્રતાપસિંહ બિહોલા (ભત્રીજા)
જયેન્દ્રસિંહ સતુજી બિહોલા (ભત્રીજા)
કિરણસિંહ સતુજી બિહોલા (ભત્રીજા)

**સમસ્ત બિહોલા પરિવાર**

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com